તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૫ | ૨૫ જુલાઈ, ૨૦૧૬, સોમવાર ; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# તમામ ડીબીટીને આધાર સાથે જોડાશે

## ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધી ડીબીટીની જાળ વધુ વિસ્તૃત બનશે : તમામ સબસિડી અને જનકલ્યાણની યોજનાઓ ડીબીટીની જાળ હેઠળ આવરી લેવાશે : હાલમાં ૭૪ સ્કીમો ડીબીટી હેઠળ ચાલી રહી છે



નવીદિલ્હી, તા.૨૪

તમામ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)ને વર્તમાન કેલેન્ડર વર્ષના અંત સુધીમાં આધાર સાથે જોડી દેવામાં આવનાર છે. મહત્વકાંક્ષી ટાર્ગેટ નક્કી કરતા કેન્દ્ર સરકારે ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધીમાં ડીબીટી જાળ હેઠળ તમામ સબસિડી અને કલ્યાણ સ્કીમોને આવરી લેવાનો નિર્ણય કર્યો છે. કલ્યાણ ફંડમાં લિકેજને રોકવા અને દુરુપયોગને રોકવાના હેતુસર મોટા સુધારા પગલા તરીકે ડીબીટી કાર્યક્રમને જોવામાં આવે છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે લોંચ કરવામાં આવેલી આ સ્કીમને જોરદાર પ્રતિસાદ શરૂઆત મળ્યો હતો પરંતુ અધવચ્ચે તેના અમલને લઈને દુવિધાભરી સ્થિતિ ઉભી થઈ હતી. મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. આઠ મંત્રાલયની ૨૪ પસંદગીની સ્કીમ સાથે ડીબીટી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. હાલમાં ૧૭ મંત્રાલયોની ૭૪ સ્કીમ હેઠળ ડીબીટીના લાભ મળી રહ્યા છે. ડીબીટી મારફતે ટાર્ગેટ નક્કી કરેલા લોકો સુધી પહોંચવાની ગણતરી થઈ રહી છે. તમામ કેન્દ્ર સરકારના મંત્રાલયો અને રાજ્ય સરકારોમાં ડીબીટી સેલ બનાવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. કેબિનેટ સચિવાલયમાં એક વરિષ્ઠ અધિકારે કહ્યું છે કે, તમામ કેન્દ્રીય પ્રાયોગિક જનકલ્યાણની સબસિડી સ્કીમ માર્ચ ૨૦૧૭ સુધી ડીબીટી હેઠળ લેવામાં આવશે. હજુ સુધી ડીબીટી પ્લેટફોર્મ મારફતે ૧.૨ લાખ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## મોદી ઈન્ડિયા ગેટ પર રન ફોર રિયોને હવે લીલીઝંડી આપશે

નવીદિલ્હી,તા. ૨૪

આગામી મહિનામાં બ્રાઝિલમાં થનાર ઓલિમ્પિક પહેલા દેશમાં આ રમતોત્સવને લઈને ઉત્સાહ જગાવવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧મી જુલાઈના દિવસે ઈન્ડિયા ગેટ પર રન ફોર રિયોને લીલીઝંડી આપનાર છે. રમતગમત પ્રધાન વિજય ગોયલે એસોચેમના એક કાર્યક્રમમાં વાત કરતા કહ્યુ હતુ કે અમે દેશમાં ઓલિમ્પિકને લઈને ઉત્સાહ જગાવવા માટે ઈચ્છુક છીએ. અને ઈન્ડિયા ગેટ પર રન ફોર રિયોનુ આયોજન કરી રહ્યા છીએ.

## જેટલી રાજ્યોના નાણા પ્રધાનોને મંગળવારે મળશે

નવીદિલ્હી, તા.૨૪

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ બિલ આ સપ્તાહમાં જ રાજ્યસભામાં હાથ ધરવા માટેનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ નાણામંત્રી અરુણ જેટલી મંગળવારના દિવસે રાજ્યોના નાણા પ્રધાનો સાથે બેઠક યોજનાર છે. મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસને વિશ્વાસમાં લેવાના હેતુસર પાછલા બારણે કોંગ્રેસના નેતાઓ સાથે પણ વાતચીતનો દોર ચાલી રહ્યો છે. લોકસભામાં આ બિલ પસાર કરવામાં આવી ચુક્યું છે પરંતુ રાજ્યસભામાં બિલ અટવાયેલું છે.

## ચારધામ પ્રોજેક્ટમાં વધારાના ૨૦૦૦ કરોડની ફાળવણી

### વધુને વધુ પ્રવાસીઓ પહોંચે તે હેતુસર રસ્તાઓ બનાવાશે તમામ હવામાનની સ્થિતિની વચ્ચે પણ નુકસાન થશે નહીં



નવીદિલ્હી, તા. ૨૪

ઉત્તરાખંડમાં કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી અને ગંગોત્રીને તમામ હવામાનની સ્થિતિ વચ્ચે કનેક્ટીવીટી મળે તેવા હેતુથી કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી ચારધામ પ્રોજેક્ટને મોટી રાહત મળી ગઈ છે. ચારધામ માટે ૨૦૦૦ કરોડની વધારાની અંદાજપત્રીય ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. નાણામંત્રાલય દ્વારા પ્રોજેક્ટ માટે ૨૦૭૦ કરોડ રૂપિયા મંજુર કર્યા છે. ચારેય ધાર્મિક સ્થળો ઉપર કનેક્ટીવીટી આપવાના હેતુસર આ પ્રોજેક્ટ ૧૧૭૦૦ કરોડની આસપાસનો છે. ચારધામ પ્રોજેક્ટ હેઠળ કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી અને ગંગોત્રીને તમામ હવામાન વચ્ચે કોઈ અસર ન થાય તેવી કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવાશે. ૨૦૧૬-૧૭ માટે હાઈવે સેક્ટર

● અનુસંધાન પાન-૭ પર

# નરસિંહ યાદવ ડોપ ટેસ્ટમાં ફેઈલ

## નરસિંહ યાદવની જગ્યાએ સુશીલકુમારને મોકલાશે નહીં : ૫મી જુલાઈના દિવસે ડોપિંગ ટેસ્ટ કરવામાં આવ્યા હતા : ૧૦ દિવસ બાદ એ ટેસ્ટ પોઝિટિવ બાદ 'બી' સેમ્પલ પણ પોઝિટિવ રહેતા ઓલિમ્પિક તૈયારીને ફટકો

કાબુલ, તા.૨૪

રિયો ઓલિમ્પિક પહેલા ભારતને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, ઓલિમ્પિકના ૭૪ કિલોગ્રામ કુશ્તી માટે ક્વાલીફાઈડ કરનાર નરસિંહ યાદવ ડોપટેસ્ટમાં ફેઈલ થયો છે. નરસિંહ યાદવે ૨૦૧૪ એશિયન ગેમ્સમાં કાંસ્ય ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. જ્યારે વર્ષ ૨૦૧૫માં વર્લ્ડ ચેમ્પિયનશીપમાં કાંસ્ય ચંદ્રક જીતીને રિયો ટિકિટ કન્ફર્મ કરી લેવામાં સફળતા મેળવી હતી. સુશીલકુમારથી ઓલિમ્પિક દાવેદારીની કુશ્તી જીતનાર નરસિંહને હવે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે અને રિયોમાં રમવાનું તેનું સ્વપ્ન પૂર્ણ થશે નહીં. નેશનલ એન્ટી ડોપિંગ એજન્સીના ડિરેક્ટર જનરલ નવીન અગ્રવાલે આ અંગેના અહેવાલને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે, નરસિંહ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો છે અને તે પોઝિટિવ આવ્યો છે. અલબત્ત રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા તરફથી મોડે સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી.

● અનુસંધાન પાન-૭ પર



# વીસનગર એકતાયાત્રામાં પાટીદારો ઉમટ્યા

## વીસનગરથી ઉંઝા પગપાળા યાત્રામાં પાટીદાર પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા : જેલમુક્ત થયેલા પાટીદાર યુવાનોની માનતાને પગલે યોજાયેલી પદયાત્રા : ઉમિયા માતાના દર્શન કરવા પગપાળા સંઘનું આયોજન







અમદાવાદ, તા.૨૪

પાટીદારો દ્વારા ફરી એકવાર આજે શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેલ મુક્ત થયેલા પાટીદાર સમાજના યુવાનોને લઈને પગપાળા સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં પાટીદારો ઉમટી પડ્યા હતા. સંઘમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના ભાઈ બહેનો જોડાયાં હતાં. રસ્તા પર ફરી એક વખત પાટીદાર પાવર દેખાયો હતો. બીજી બાજુ, હાર્દિક પટેલે અનામત આંદોલન ચાલુ હોવાની તથા સમાજના નેતાઓ જેલમુક્ત થતાં આદોલનમાં નવા પ્રાણ ફૂંકાયા હોવાની વાત કહી છે. અનામત આંદોલનમાં જેલમાં ગયેલ પાટીદાર સમાજના યુવાનો જેલમુક્ત થતાં બાધા પુરી કરવા વિસનગર સમસ્ત પાટીદાર સમાજ દ્વારા ઊંઝા ઉમિયા માતાના દર્શને જવા પગપાળા સંઘનું આયોજન કર્યુ હતું. રવિવારે વહેલી સવારે પગપાળા સંઘ શહેરના પટણી દરવાજા વિસ્તારમાં આવેલ ઉમિયા માતાના મંદિરથી પ્રસ્થાન કર્યું હતું.

ઉપરાંત ઊંઝાના રૂટ દરમિયાન કાંસા એન એ વિસ્તારના પાટીદાર ભાઈઓ દ્વારા પાણીની વ્યવસ્થા તેમજ અન્ય વિવિધ સ્થળો જેવા કે કાંસા, ઐઠોર અને ઊંઝામાં યુવાનો દ્વારા ચા નાસ્તાની સગવડ કરવામાં આવી. પગપાળા સંઘમાં મોટી સંખ્યામાં પાટીદાર ભાઈ બહેનો જોડાયાં હતા. ગુજરાતમાં પાટીદાર અનામતની આગને ૨૩મી જુલાઈએ એક વર્ષ પુરુ થયું. પાટીદાર અનામત આંદોલનમાં ૮૦૦થી વધુ સભાઓ, ૧૪ હજાર ગામોમાં એકતાયાત્રા ૨૮ હજાર યુવાનો સામે કેસ થયા. ૨૪૦૦ જેટલા પાટીદાર યુવાનોને જેલ ભેગા કરવામાં આવ્યા. ૬ પાટીદાર યુવાનો સામે રાજદ્રોહનો કેસ થયો. જ્યારે ૧૦ યુવાનોને પોલીસ ગોળીબારમાં જીવ ગુમાવ્યા અને ૬ યુવાનોએ અનામતની માગ સાથે આત્મહત્યા કરી હતી. પાટીદાર આંદોલમાં હાર્દિક પટેલ, લાલજી પટેલ, વરૂણ પટેલ, જેવા નેતાઓએ સમાજમાં અનામતની આગ ફેલાવી સરકારે ઈબીસીના રૂપમાં પાટીદારોને આડકતરી અનામત તો આપી, પણ પાટીદારોને તે માફક ન આવી.

# નર્મદા ડેમ ૧૫મી સુધીમાં ઓવરફ્લો થાય તેવી વકી

## સુરક્ષા અને સુવિધાઓની તૈયારીઓ હાથ ધરાઈ : પાણીની આવકમાં વધારો થવાના પરિણામે સપાટી હવે ૧૧૮ મીટરથી પણ ઉપર પહોંચી ગઈ

રાજપીપળા, તા.૨૪

નર્મદા ડેમ ૧૫મી ઓગસ્ટ સુધી ઓવર ફ્લો થઈ જાય તેવા સંકેત મળી રહ્યા છે. આનો લઈને પ્રવાસીઓ પણ દર વર્ષે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આ બાબતની તંત્ર દ્વારા નોંધ લેવામાં આવી ચુકી છે. મધ્યપ્રદેશમાં વરસાદ અને ઉપરવાસમાં આવેલા જળવિદ્યુત મથકો થકી સરદાર સરોવરમાં થઈ રહેલી પાણીની આવકનાં કારણે શનિવારે સાંજે નર્મદા ડેમની સપાટી ૧૧૮.૨૫ મીટરે પહોંચી છે. આગામી ૧૦થી ૧૫ ઓગસ્ટ સુધીમાં નર્મદા ડેમ ઓવરફ્લો થવાના કલેકટરે સંકેત આપી તંત્રે પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધાઓની તૈયારીઓ આરંભી છે. ઉપવાસમાંથી થતી આવકના પગલે આજે ડેમની જળ સપાટી ૧૧૮.૨૫ મીટર પહોંચી છે. દર ૨૪ કલાકે લગભગ ૩૦ સેમીનો વધારો નોંધાઈ રહ્યો છે. જેથી ૧૦થી ૧૫ ઓગસ્ટ સુધીમાં નર્મદા બંધ ઓવરફ્લો થશે. ૧૫મી ઓગસ્ટથી ૫ દિવસનું મીની વેકેશન પડશે જેમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટશે જેને પગલે તંત્રે તૈયારી આરંભી છે. નર્મદા ડેમની સપાટી ૨૪ કલાકમાં ૩૦ સેમી વધી છે. હાલ સપાટી ૧૧૮.૨૫ મીટર છે. ડેમની સર્વોચ્ચ સપાટી ૧૨૧.૯૨ મીટર હોય તેમ ઓવરફલો થવાથી ૩.૬૭ મીટર દુર છે. જો આ રીતે જ પાણીની આવક ચાલુ રહે તો ૪ ઓગસ્ટે જ ડેમ ઓવરફલો થઈ જશે.



રક્તદાન - મહાદાન
ચક્ષુદાન - શ્રેષ્ઠદાન











| Pouch Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 13 |
| 400g | 25 |
| 1kg | 50 |
| 5kg | 250 |

| Cup Pack | MRP*(₹) |
|---|---|
| 100g | 10 |
| 200g | 20 |
| 400g | 36 |

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57
daCunha/03-16/guj